Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ००७, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# Employment Notice

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતની પ્રાદેશિક કેન્દ્ર / જિલ્લા વાઈઝ સબ સેન્ટર તરીકે નિયુક્ત કોલેજોમાં તદ્દન હંગામી ધોરણે જરૂરીયાત મુજબ નીચે પ્રમાણે વહીવટી, સેવાકીય જગ્યાઓ માટે પ્રતિ કલાક દરે કામચલાઉ સેવાની જરૂર છે. રસ અને યોગ્યતા ધરાવતા ઉમેદવારોએ તા.૩૧/૦૮/૨૦૨૨, સાંજે ૬:૦૦ કલાક સુધી ઓનલાઈન અરજી કરવાની રહેશે. જેની સંપૂર્ણ વિગત યુનિવર્સિટી વેબસાઈટ www.vnsgu.ac.in અને rms.vnsgu.net પર ઉપલબ્ધ છે.

| ક્રમ | પોસ્ટ | લાયકાત | પ્રતિ કલાક મહેનતાણું |
|---|---|---|---|
| ૧ | વહીવટી સહાયક– ૪ (વ્યારા–તાપી) | ધોરણ–૧૨ પાસ | ૬૦/– |
| ૨ | વહીવટી સહાયક– ૪ (ભરૂચ) | ધોરણ–૧૨ પાસ | ૬૦/– |
| ૩ | વહીવટી સહાયક– ૪ (ચીખલી) | ધોરણ–૧૨ પાસ | ૬૦/– |

ક્રમાંકઃ જન/પ્રતિ કલાક/૧૫૯૬૧/૨૦૨૨ Sd/-
તા.૧૯/૦૭/૨૦૨૨ ઈ.ચા.કુલસચિવ

Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

## પ્રતિ કલાક મહેનતાણાંના ધોરણે વહીવટી અને સેવાકીય જગ્યાઓ માટેના ઉમેદવારોને અરજી કરવા માટેની સૂચનાઓ

**(૧) સદર જાહેરાત અન્વયે ૩૦૦ કલાક/ત્રણ માસ માટે નિમણૂંક કરવામાં આવશે જેની આખરી મંજુરી જે તે કોલેજના આચાર્યશ્રી દ્વારા આપવામાં આવશે.**

**(૨) ઉમેદવારે રોજગાર કચેરીમાં ફરજીયાત નોંધણી કરાવી Employment Registration Card અરજી સાથે અપલોડ કરવાનું રહેશે.**

(૩) ઉમેદવારે સંબંધીત પોસ્ટ(જગ્યા) સંદર્ભે જરૂરી લાયકાત, અનુભવ, ઉંમર, ડ્રાઈવીગ લાયસન્સ તેમજ અન્ય વધારાની લાયકાતો અંગેના પુરાવાની ખરી નકલ જોડવાની રહેશે.

(૪) અરજી પત્રકમાં વધારાની માહિતી આપવા ઉમેદવારની સહી સાથેનો વધારાનો કાગળ સામેલ કરી શકશે.

(૫) અનામત કેટેગરી(એસ.સી./એસ.ટી./એસ.ઈ.બી.સી./વિકલાંગ) ધરાવતાં ઉમેદવારોએ સક્ષમ સરકારી સત્તા અધિકારીશ્રીનું સર્ટીફીકેટ ઈન્ટરવ્યુ સમયે સાથે લાવવાનું રહેશે.

(૬) ઉમેદવારે ભરેલ અરજીપત્રકમાં પત્રવ્યવહારના સરનામાં, ફોન નંબરમાં ફેરફાર થાય તો તે અંગેની લેખિતમાં જાણ કુલસચિવશ્રી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, ઉધના–મગદલ્લા રોડ, સુરત – ૩૯૫ ૦૦૭ ને કરવાની રહશે.

(૭) અધૂરી ભરેલ વિગતવાળા અરજી પત્રક ગ્રાહય રાખવામાં આવશે નહી.

(૮) ઉમેદવારે જરૂરી લાયકાત ધોરણ તપાસીને પૂરેપૂરી માહિતી મેળવીને અરજીપત્રક ભરવાનું રહેશે. લાયકાત અંગે કોઈપણ પૂછપરછ ધ્યાને લેવામાં આવશે નહી.

(૯) ઉમેદવારે સ્વખર્ચે પરીક્ષા/ કોમ્પ્યુટર ટેસ્ટ/ ઈન્ટરવ્યુમાં હાજર થવાનું રહશે.

(૧૦) ઈન્ટરવ્યુની તારીખ અને સ્થળની સૂચના ઉમેદવારને ઈમેઈલ/એસ.અમ.એસ. દ્વારા કરવામાં આવશે.

(૧૧) પ્રત્યક્ષ અથવા પરોક્ષ દાબદબાણ ઉમેદવારને ગેરલાયક ઠેરવવાને પાત્ર છે.

(૧૨) ઈન્ટરવ્યુ સમયે કોવિડ–૧૯ મહામારીને કારણે સામાજીક દૂરી જાળવી કોરોના માટેની સરકારશ્રીની SOP (માર્ગદર્શિકા)નો ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે.

(૧૩) કોઈપણ જગ્યા ભરવા માટે જગ્યા ભરવાનો નિર્ણય, ફેરબદલ કરવા માટે અથવા જગ્યા નહિ ભરવા માટે યુનિવર્સિટીનો અબાધિત અધિકાર રહશે.

(૧૪) કોઈપણ ઉમેદવાર અગર ખોટી માહિતી આપશે, અધુરી માહિતી કે માહિતી છુપાવવાની કોશિષ કરશે તો તે ઉમેદવાર જે તે જગ્યા માટે ગેરલાયક ઠરશે. અગર આવા ઉમેદવારની નિમણૂંક થશે તો તેને બરતરફ કરવામાં આવશે.

(૧૫) યુનિવર્સિટીના નિયમોને આધિન જે તે ઉમેદવારને નિમણૂંક આપવામાં આવશે.

(૧૬) દરેક વહીવટી અને સેવાકીય કર્મચારીઓએ શીફટ પધ્ધતીથી (સવારે ૦૭:૦૦ થી બપોરે ૦૩:૦૦ કલાક અને બપોરે ૧૧:૦૦ કલાકથી સાંજે ૭:૦૦ કલાક) કામગીરી તેઓના વિભાગીય વડાશ્રી/કો–ઓર્ડિનેટરની સુચના અનુસાર ફરજીયાત કરવાની રહેશે.

(૧૭) દરેક સહાયક (પુરૂષ તેમજ મહિલા) પ્રવેશ,પરીક્ષા,પરિણામ અને યુનિવર્સિટીની તમામ કામગીરી માટે સુરત શહેર/સુડા વિસ્તારમાં કામગીરી અર્થે જવાનું રહેશે.

(૧૮) પસંદગી પામેલ સહાયક યુનિવર્સિટી નિર્ધારિત કરારનામું રૂા.૩૦૦/– ના સ્ટેમ્પ પેપર પર કરવાનો રહેશે.

(૧૯) પસંદગી પામેલ સહાયક નકકી કરેલ વેતન સિવાય કોઈપણ પ્રકારનો વધારો કે ઈજાફો મળવાપાત્ર થશે નહી. મોંઘવારી ભથ્થુ, વચગાળાની રાહત તેમજ પ્રોવિડન્ટ ફંડ અથવા પગારપંચના બીજા લાભો કે અન્ય કોઈ લાભો મળવાપાત્ર થશે નહી.

(૨૦) યુનિવર્સિટીમાં પ્રતિ કલાક વેતનના દરે કામચલાઉ ધોરણે નિમણૂંક પામેલ તમામ વ્યકિતઓએ યુનિવર્સિટી ખાતે ચાલતા Earn While Learn અંતર્ગત Certificate કોર્ષમાં ફરજીયાત જોડાવવાનું રહેશે.

**(૨૧) ઈન્ટરવ્યુ સંદર્ભે સમગ્ર માહિતી યુનિવર્સિટી વેબસાઈટ પર મુકવામાં આવશે. એસ.એમ.એસ., ઈમેલ, અને ફોન મરજીયાત છે. યુનિવર્સિટીની વેબસાઈટ તપાસ કરતા રહેવું**

----XXXX----